Re-Accredited by NAAC with 'A' Grade
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## પરિપત્ર

વિષય : યૂનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રમાં ભાગ – ૧ સેમેસ્ટર ૧ માં નિયત પ્રવેશ બેઠકના ૫૦ ટકાથી ઓછી બેઠકોપર પ્રવેશ ફાળવણી થયેલ હોય તો તેવા પ્રવેશો અન્ય યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રો / યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટમાં પ્રવેશ ટાન્સફર કરવા અંગે

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોમાં છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષ દરમ્યાન ભાગ – ૧, સેમેસ્ટર (૧) માં પ્રવેશાર્થીઓ દ્વારા પ્રવેશ મેળવેલ સંખ્યા પ્રવેશની રેગ્યુલર બેઠક થી ૫૦ ટકા કે તેથી ઓછી બેઠકો પર પ્રવેશ ફાળવણી થયેલ યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોને બંધ કરી આ યુનિવર્સિટી કેન્દ્રોના વિધાર્થીઓને નજીકના અન્ય ૫૦ ટકા થી વધુ બેઠકો ધરાવતા અનુસ્નાતક કેન્દ્રમાં ઉપલબ્ધ ખાલી બેઠકોને ધ્યાનમાં રાખી મેરીટ અનુસાર ટ્રાન્સફર આપવા સિન્ડિકેટની તા. ૨–૧૧–૨૦૨૧ ના સભાના ઠરાવ ક્રમાંક (૯૦) થી ઠરાવ્યા મુજબની કાર્યવાહી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન કરવાની જાણ કરવામાં આવે છે.

૧: સિન્ડિકેટના ઠરાવ્યાનુસાર કાર્યવાહી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨થી ભાગ – ૧ સેમેસ્ટર ૧ ની પ્રવેશ કાર્યવાહીથી અમલ કરવાનો હોય, આપના યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રમાં સિન્ડીકેટના ઠરાવ્યાનુસારની સંખ્યામાં પ્રવેશની સંખ્યા (રેગ્યુલર બેઠકના ૫૦ ટકાથી ઓછી) હોય તો પ્રવેશ મેળવેલ પ્રવેશાર્થીના રજીસ્ટ્રેશનની કાર્યવાહી ન કરતા સિન્ડિકેટના ઠરાવ્યાનુસાર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા અન્ય યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રો / યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગમાં પ્રવેશ તા. ૨૨–૧૧–૨૦૨૧ સુધીમાં ટ્રાન્સફર કરાવવાની જાણ પ્રવેશાર્થીને કરવા સાથે પ્રવેશાર્થીને જાણ કરી હોવાની જાણ દિન (૨)માં અચૂક જ યુનિવર્સિટીને કરવા સાથે પ્રવેશ રજીસ્ટ્રેશનની કાર્યવાહી (ટ્રાન્સફર થયેલ યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્ર ) દ્વારા તા. ૩૦–૧૧–૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરાવવાની જાણ કરવા આથી જણાવવામાં આવે છે.

૨: સિન્ડીકેટના ઠરાવનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી કરવાનો હોય તેનો અચૂક અમલ કરવા સારુ. યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોમાં સિન્ડિકેટના ઠરાવ્યાનુસાર સંખ્યાથી ઓછી સંખ્યામાં પ્રવેશો હશે તો તે યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોમાં ફાળવણી કરેલ અનુસ્નાતક કાર્યભારના મહેન્તાણું મંજુર કરવામાં આવશે નહી.

નોંધ : ક્રમાંક ૧ મુજબની કાર્યવાહી સારુ આ સાથેના નિયત પત્રકમાં અરજી ઉમેદવારો પાસે કરાવવાની આથી જાણ કરવા સાથે રજીસ્ટ્રેશનની કાર્યવાહી **ERP system**માં **New entry** તરીકે કરવાની રહેશે.

ક્રમાંક : પીજી / અનુ. પ્રવેશ / ૧૭૭૯૮/ ૨૦૨૧.
તા. ૧૭–૧૧–૨૦૨૧

ઈ. ચા. કુલસચિવ

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઈન ચાર્જશ્રી / આચાર્યશ્રી
નકલ સવિનય રવાના : ઈ. ચા. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.....જાણ તથા આગળની કાર્યવાહી સારુ.